# ગુજરાતમાં અજગરની જેમ ભરડો મારતા કોરોના વાયરસ ૩૮ મોત અને ૫૧૩ નવા કેસ

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૧

દેશભરમાં કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. રાજસ્થાન સહિત મહારાષ્ટ્રએ આગમચેતીના ભાગરૂપે ગુજરાતની બોર્ડરો સીલ કરી દીધી છે. તેમ છતાંય પણ ગુજરાતમાં વર્તમાન ભાજપ સરકાર માત્ર સહી સલામતની ગુલબાંછો પોકારી રહી છે. આજે પણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કોરોનાના ૫૧૩ પોઝીટીવ દર્દીના કેસ નોંધાવા પામ્યા છે. જેને લઈને રાજયમાં કુલ પોઝીટીવ કેસનો આંકડો ૨૨૦૬૩ થવા પામ્યો છે. મહામારી કોરોનાના વાયરસ અજગરની જેમ ગુજરાત ફરતે પોતાનો ભરડો દિવસે ને દિવસે વધારી રહયો છે. બીજી બાજુ રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સુધીમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૩૮ના મોત થયા છે. જેને લઈને રાજયમાં કુલ ૧૩૮૫ દર્દીઓને કોરોના ભરખી જવા પામ્યો છે. બીજી બાજુ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજયમાં ૩૬૬ દર્દીઓએ કોરોનાને મહાત આપતા રાજયમાં કુલ ૧૪૭૩૫ કોરોનાના ડીસ્ચાર્જ દર્દી નોંધાયા છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આજે જાહેર કરાયેલી અખબારીયાદી મુજબ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જુન મહિનામાં સૌથી વધુ ૫૧૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૩૩૦,સુરતમાં ૮૬, વડોદરા-૩૯, ગાંધીનગર ૧૧, ભરૂચમાં ૭, મહેસાણા,આણંદ ૫-૫ ભાવનગર, જામનગર અને જુનાગઢ -૩-૩, બનાસકાંઠા, રાજકોટ, અરવલ્લી, સબારકાઠા,કચ્છ, ખેડા અને દાહોદમાં ૨-૨, પંચમહાલ, ગીરસોમનાથ, સુરેન્દ્રનગર, છોટાઉદેપુર અને જનર્મદા- ૧-૧ તેમજ અન્ય રાજયના ૨ કેસોનો સમાવેશ થાય છે. રાજયમાં આજે પણ ૨૨ જિલ્લામાં કોરોનાએ તેનો કહેર વરસાવ્યો છે. આમ આજે રાજયમાં ૫૧૩ કોરોના પોઝીટીવ કેસ નોધાતા રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીનો આંક ૨૨,૦૬૩ થવા જાય છે.

રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૩૮ દર્દીઓને કોરોના ભરખી ગયો છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૫, સુરત-૪, આણંદ, અરવલ્લી, ભાવનગર, બનાસકાંઠા, ખેડા, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર અને વલસાડમાં ૧-૧ મોત નોંધાવા પામ્યા છે. આમ આજે ગુજરાતમાં ૧૧ જિલ્લામાં કોરોનાને લઈને ૩૮ના મોત થવા કોરોનામાં કુલ મૃત્યુનો આંક ૧૩૮૫ થવા પામ્યો છે.

અમદાવાદ, સુરત અને વડોદરામાં હવે કોરોનાના કહેર કરતા કોરોના સંક્રમણનું પ્રમાણ વધતુ જાય છે. આજે પણ અમદાવાદમાં કોરોના દર્દીના ૩૩૦ના મોત નોંધાતા અમદાવાદમાં કોરોના પોઝીટીવનો આંક ૧૫ હજારને વટાવી ૮૬ કેસ નોંધાતા કુલ પોઝીટીવનો આંકડો ૨૩૦૦ને પાર કરીને ૨૩૬૭ થવા પામ્યો છે. જયારે વડોદરામાં આજે નવા ૩૯ કેસ નોંધાતા કોરોના પોઝીટીવનો આક ૧૪૦૦ ને વટાવીને ૧૪૩૪ થયો છે. એજ રીતે અમદાવાદમાં આજે કોરોના ૨૫ દર્દીઓને ભરખી જતા અમાદવાદમાં કોરોનાને લઈને કુલ મૃત્યુઆંક ૧૦૮૩નો થયો છે. જયારે સુરતમાં આજે ૪ મૃત્યુ નોંધાતા સુરતમાં કોરોનાના કહેરે ૭૭ દર્દીઓને મોત ના મુખમાં ધકેલ્યા છે.

રાજયના આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે રાજયમાં હાલ ૫૫૭૩ એકટીવ કેસ છે. જેમાં ૬૧ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૫૫૧૨ સ્ટેબલ દર્દીઓ છે રાજયમાં આજે કુલ ૬૫૨૦ લેરોબરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આમ રાજયમાં અત્યાર સુધીમાં ૨,૭૨,૯૨૪ લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા છે.

આજે રાજયમાં કુલ ૨,૦૭,૦૭૩ લોકોને હોમ કવોરેન્ટાઈન રાખવામાં આવ્યાં છે. જેમાં ૨,૦૦,૮૭૦ હોમ કવોરોન્ટાઈન અને ૬૨૦૩ વ્યકિતઓ સરકારી ફેસીલીટી હેઠરલ છે. જોકે ગત રોજ કરતા આજે ૬૫૨૦ વ્યકિતઓને કવોરેન્ટાઈનમાંથી મુકિત મળવા પામી છે.

### જાંબુઘોડા તાલુકામાં આવેલી

# નારાયણ નગર સોસાયટી પાયાની સુવિધાઓ થી વંચીત

(કલ્પેશપંચોલી)જાંબુઘોડા,તા.૧૧

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકા ના ખાંડીવાવ ગ્રામ પંચાયત ની હદ માં વર્ષ ૨૦૦૯ માં નિયમાનુસાર અસ્તિત્વ માં આવેલી નારાયણ નગર સોસાયટીમાં માં કુલ ૪૬ રહેણાંક પ્લોટ છે, અને કેટલાક પ્લોટ ધારકો ઘણા વર્ષો થી પોતાની માલિકીના મકાનો બનાવી ને વસવાટ કરે છે, પરંતુ નારાયણ નગર સોસાયટીમાં સ્થાનિક પંચાયત દ્વારા હજી આજે પણ મુળભુત પાયા ની સુવિધાઓ, જેવીકે સ્ટ્રીટ લાઇટ્સ, પંચાયત દ્વારા પીવાનું પાણી, ડ્રેનેજ સુવિધા, રોજીંદા ઘરેલુ કચરા ના નિકાલ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવતી ના હોય મોટા ભાગના પ્લોટ ધારકો સદર સોસાયટીમાં મકાન બનાવીને રહેવા જવાનું ટાળતા હોઈ, સોસાયટી ના એક પ્લોટ ધારકે નારાયણ નગર ને તમામ પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થાય તે હેતુ કલેક્ટર પંચમહાલ જિલ્લા ને રજુઆત કરી છે.

### સોશ્યલ ડિસ્ટન્સનું પાલન ન થતાં

# ખંડેરાવ માર્કેટમાં આઠ વેપારી, એક ગ્રાહકને દંડ ફટકારાયો

વડોદરા, તા.૧૧

ઘણા લાંબા સમય પછી આજે ખંડેરાવમાર્કેટ પુનઃ શરૂ થયું છે. પરંતુ અહી વેપારીઓ અને ગ્રાહકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનો અમલ ન થતા તેમજ માસ્ક ન પહેર્યુ હોવાના કારણે આઠ વેપારી અને એક ગ્રાહકને દંડ ફટકસારવામાં આવ્યો હતો.

ઘણા લાંબા સમય પછી આજરોજ ઓડ ઈવન પધ્ધતિ મુજબ ખંડેરાવ માર્કેટ શરૂ થઈ શકયું હતું. આજે માર્કેટ રાબેતા મુજબ શરૂ થતા સવારથી જ શાકભાજીના વેપારીઓ પોતાનો ધંધો કરવા ઉમટી પડયા હતા. માર્કેટ શરૂ કરવા માટે રાજકારણ પણ ખોલાયું હતું. આખરે ગતરોજ મેયરની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં ઓડ ઈવન પધ્ધતિથી આજથી માર્કેટ શરૂ કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજે માર્કેટ શરૂ થતા માર્કેટ ઈન્સ્પેકટર વિજય પંચાલ દ્વારા અહી સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા, માસ્ક પહેરવા વિગેરે મામલે ચેકીંગ શરૂ કરાયું હતું. આ દરમિયાન આઠ વેપારી અને એક ગ્રાહક દ્વારા નિયમનો ભંગ થતો હોવાનું જણાઈ આવતા દરેકને રૂા.૨૦૦નો દંડ ફટકારવવામાં આવ્યો હતો.

# છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના ખાંડિયા અમાદર ગામમાં અસરગ્રસ્તોને સહાય અર્પણ



(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૧૧

છોટાઉદેપુર વિધાન સભા મતવિસ્તારમાં આવતા જેતપુર પાવી તાલુકાના ખાંડિયા અમાદર ગામે તાજેતરમાં આકસ્મિક આગ લાગી હતી અને એકજ પરીવારના મકાન અને તેમાં રહેલી લાખોની ઘર વખરી આગના લપેટમાં આવી ભસ્મીભૂત થઈ ગઈ હતી આ નિસહાય પરીવારને છોટાઉદેપુર મત વિસ્તારના ધારસભ્ય મોહનસિંહ રાઠવાના ડેલિગેશન દ્વારા ૧,૫૬,૦૦૦ (એકલાખ છપ્પન હજાર) ની રકમના ચેકની સહાય છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારી અને કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા કરવામાં આવી હતી સદર સહાય મેળવનાર અસરગ્રસ્ત પરીવારે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો

### દાદા ભગવાન પંથકના છેતરપિંડી કેસમાં ભારે વિવાદિત બનેલા

# કનુદાદાનું અમેરિકામાં અવસાન થતાં કરોડોના કેસો પર પૂર્ણવિરામ મુકાશે?

વડોદરા, તા.૧૧

દાદાભગવાન પંથના ભારે વિવાદીત બનેલા ગુરૂ કનુદાદાનું અમેરિકા ખાતે અવસાન થયું હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

ત્રણ મહિના અગાઉ આજ પંથ સાથે સંકળાયેલા બે અનુયાયીઓ દ્વારા કનુદાદાએ પોતાના જમાઈ અને અન્યો સાથે મળી કરોડો રૂપિયાની ઠગાઈ કરી હોવાની ફરિયાદ અત્રે ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ નોંધાવી હતી. જેની તપાસ હજુ ચાલુ છે.

મુંબઈના બે વેપારીઓએ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવેલી ફરિયાદમાં કનુદાદાના જમાઈના સાથીદાર અને મુખ્ય કાવતરૂ રચના અબ્દુલ રહેમાન હજી સુધી જેલની હવા ખાઈ રહયો છે. જયારે એના બે અન્ય સાથીદારો દીવાકર શેટ્ટી અને હરીશ રાઠોડ આગોતરા જામી મેળવ્યા બાદ પાંચ દિવસ અગાઉ જ ક્રાઈમ બ્રાન્ચની જવાબ લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં છેતરપીંડીમાં કનુદાદા ને જમાઈ બિપીન પટેલના નામ હોવાથી થયેલી તપાસ બન્ને જણા પરિવાર સહિત ભારત છોડી અમેરિકા ભાગી છૂટયા હોવાનું બહાર આવ્યુ હતું.

બીજા અન્ય સાથીદારો અને એક ચાર્ટડ એકાઉન્ટન્ટની ભેદી ભુમિકા અંગે પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. તેવા સમયે અચાનક કનુદાદાના અવસાનથી ખબર આપી છે. જોકે આરોપીનું મોત થતા એની સામે તપાસ પડતી મુકાઈ છે. પરંતુ અન્ય આરોપીઓના નામ પણ એફઆઈઆરમાં હોવાથી એમની સામે તપાસ ચાલુ રહેશે એમ પોલીસ સુત્રોએ જણાવ્યુ છે. તેમના મૃતદેહને ભારત લાવવામાં આવશે નહી. અને ઘરે પ્રાર્થના કરવા જણાવાયું છે.

### કોરોના ટેસ્ટને લઈને ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# એમડી અને સ્પેશિયાલિસ્ટ ડોકટરો ખાનગી લેબમાં ટેસ્ટ માટે ભલામણ કરી શકશે

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહયા છે. મે અને જુન મહિનામાં એક નવો રેકોર્ડ બન્યો છે. હાલમાં સૌથી મોટી સમસ્યા ટેસ્ટીંગની છે. ગુજરાત સરકાર ઓછા ટેસ્ટ કરવા મામલે પસ્તાળ પડી રહી છે. ત્યાં આજે રૂપાણી સરકારે એક સૌથી મોટી રાહત આપતી જાહેરા કરી છે. રાજયમાં કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા લોકો માટે રાજય સરકારે લીલીઝંડી આપી દીધી છે. આવતીકાલ શુક્રવારથી એમડી અને સ્પેશિયાલીસ્ટ ડોકટરોની ભલામણના આધારે દર્દીઓ કોરોનાના ટેસ્ટ કરાવી શકશે. કુલ ૧૪૦૦ જેટલા ખાનગી ડોકટર્સને ટેસ્ટની મંજુરીના પાવર આપવામાં આવ્યા છે. જે દર્દીઓને કોરોના શંકાસ્પદ લક્ષરો જણાતા હોય તેવા દર્દીઓને ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ માટે ભલામણ કરી શકશે. જે બાદ ડોકટરો ઈમેઈલ દ્વારા તંત્રને જાણ કરશે.

રાજયના નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે અત્યારે હાલ કોરોનાનાની ગંભીર સ્થિતિ છે. દેશ અને દુનિયામાં કોરોના હાહાકાર મચાવી રહયો છે. રાજય સરકાર લોકોને મદદરૂપ થવા માટે નિર્ણય લીધો છે. અમદાવાદમાં ૧૦ પ્રતિષ્ઠિત ડોકટરોની ટીમ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. આ ડોકટર્સની ટીમ સાથે સરકારે ૩ બેઠક કરી છે. કોરોનાના દર્દીઓને વધુ સારી સારવાર માટે ચર્ચા કરાઈ છે. સરકાર નિષ્ણાંત ડોકટર્સના અભિપ્રાય મેળવે છે. વિશેષ ટીમના સદસ્ય ડો. તેજસ પટેલ, ડો. પંકજ પટેલ, ડો. આર.કે.પટેલ, અતુલ પટેલ, ડો. તુષાર પટેલ, ડો. મહર્ષિ દેસાઈ, ડો દિલીપ માવલંકર, ડો. અમીબેન પરીખ ડો. વી.એન.શાહ વગેરેની સ્પેશિયલ ટીમ દ્વારા ટેસ્ટ અંગેના નિર્ણયો લેવામાં આવે છે.

નીતિનભાઈએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી કોરોનાના દર્દીઓને ટેસ્ટ કરાવવા માટે રાહ જોવી પડતી હતી. શંકાસ્પદ લોકોને કોરોના ટેસ્ટ માટે જરૂરીયાત ઉભી થઈ છે. ટેસ્ટિંગ વધારવાની રજુઆત કરાઈ છે. હવે એમડી અને સ્પેશિયાલીસ્ટ ડોકટરોની ભલામણના આધારે દર્દીઓ ખાનગી લેબોરેટરીમાં કોરોનાનો ટેસ્ટ કરાવી શકાશે.

નાયબ મુખ્યપ્રધાન પટેલે ફરી એક વખત કોરોનાની મહામરી વચ્ચે પણ દર્દીઓ પાસેથી બેફામમાં ઉઘાડી લૂટ ચલાવતી ખાનગી હોસ્પિટલોને ચેતવણી આપી છે. નીતિન પટેલે જણાવ્યું હતું કે, અનેક ખાનગી હોસ્પિટલો કોરોનાની સારવારના નામે મસમોટા બિલ બનાવે છે અને દર્દીઓના સ્વજનોની મજબુરીનો ગેરલાભ ઉઠાવે છે. અનેક હોસ્પિટલો આ પ્રકારે ચાર્જના નામે ખોટા બિલ બનાવતી હોવાની અનેક ફરીયાદો સરકારને મળી છે. સરકારે નિયત કરેલા ચાર્જથી વધુ રકમ લેનારી હોસ્પિટલો વિરૂધ્ધ કહક કાર્યવાહી થશે. હાલ જરૂરીયાતને ધ્યાને રાખી સરકાર ઢીલી નીતિ અબનાવી છે. પરંતુ આગામી સમયમાં આવી ગેરરીતી આચરતી હોસ્પિટલના લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી થશે. અન્ય બિમારી હોવાથી લોકોના મૃત્યુ થઈ રહયા છે. બિમાર વ્યકિત ઝડપથી કોરોના સંક્રમિત થાય છે. બિમાર વ્યકિતની રોગપ્રતિકારક શકિત ઓછી હોય છે.

# સરદાર એસ્ટેટ પાસે રહેતા ૧૩ શ્રમિકોની ભીડાનું શાક ખાધા પછી ફુડ પોઈઝનીંગ

વડોદરા, તા.૧૧

સરદાર એસ્ટેટ પાસે રહેતા અને ખાનગી ટેલિકોમ કંપનીના ફાઈબર કેબલ નાખવાનું કામ કરતા ૧૩ શ્રમિકોએ ગઈકાલે રાત્રે ભીંડાનું શાક ખાધા બાદ આજે સવારથી ચકકર આવવાના તેમજ આંખે અંધારા આવી જતા સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવારની જરૂર ખાતે રીફર કરવામાં આવ્યા છે.

સરદાર એસ્ટેટ પાણીની ટાંકી સામે દાહોદનાા ઘણા બધા શ્રમિકો રહે છે. આ શ્રમિકો આસપાસના વિસ્તારમાં એક ખાનગી ટેલિકોમ કંપનીના ફાઈબર કેબલ નાંખવાનું કા કરે છે. ગઈકાલે તમામે રાત્રે જમવામાં ભીંડાનું શાક ખાધુ હતુ પૈકી ૧૩ લોકોને આજે સવારે ઉંઘમાંથી ઉઠયા બાદ એકાએક ચકકર આવવા શરૂ થઈ ગયા હતા.

કેટલાક લોકોને આંખે થઈ ગયા હતા. કેટલાક લોકોને આંખે અંધારા પણ આવી જતાં તેમના કોન્ટ્રાકટર દ્વારા સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાંથી તમામને વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. હાલમાં સયાજી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા તમામ દર્દીઓની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

# ડભોઈમાં પ્રિમોન્સુન પહેલા બનેલા રોડ પર એકજ વરસાદમાં પાણી ભરાયા

ડભોઈ, તા.૧૧

ડભોઈનગરમાં વરસાદ પુર્વે લોકને ખાડામાં ભરાઈ રહેલા પાણીથી તકલીફના પડે તે માટે પાલીકા તંત્ર દ્વારા પ્રીમોન્સન ગ્રાન્ટમાથી નગરના ૨૨ વિસ્તારોના રોડોને ડામરની ચાદર ઓઢાડવાનું કામ પૂર્ણ થયાને આરે છે. ત્યારે કેટલાક બજાર વિસ્તારોમાં હાલ બે દિવસ પુર્વે પડી ગયેલા વરસાદને પગલે રોડ ઉપર પાણી ભરાતા હોય કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવેલ કામગીરી ગુણવત્તા વાળી ન હોય અને લેવલીંગનું કામ બરાબર ન થયું હોય તેવું લોકોમાં બોલાઈ રહયું છે.

ડભોઈનગર પાલીકા દ્વારા વરસાદ શરૂ થતા પહેલા નગરમાં પડેલા ખાડાઓને પગલે નગરના ૨૨ જેટલા મુખ્ય રસ્તાઓ ઉપર ડામર પાથરી રોડને નવા બનાવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. હાલ મોટાભાગના રોડ નુકામ પૂર્ણ થવાને આચરે આવ્યું છે. પણ નગરના મુખ્ય બજારોમાં હાલ બે દિવસ પુર્વે પડી ગયેલા નજીવા વરસાદને પગલે રોડ રસ્તા ઉપર પાણીના ખાબોચીયા ભરાઈ રહેલા નજરે પડયા હતા. જો વધુ વરસાદ પડે તો દુકાનોમાં પાણી આવી જાયનું પણ કેટલાક દુકાનદારોમાં બોલાઈ રહયું છે. હાલાકી તંત્ર દ્વારા રોડનું લેવલિંગ કામ જોઈ ફરી ખાબોચીયા ન ભરાય એ રીતે કામગીરી કરી આપવામાં આવે તેવી લોકમા માંગ ઉઠવા પામી છે.

# રાજસ્થાનથી વડોદરામાં વિદેશી શરાબનો જથ્થો ઘુસાડવા બુટલેગરોનું નેટવર્ક સક્રિય

વડોદરા, તા.૧૧

વિદેશી શરાબના જથ્થાની હેરાફેરીના નેટવર્કના પર્દાફાશ કરવામાં પોલીસને સફળતા સાંપડી છે.

બાપોદ પોલીસે વિદેશી શરાબના કવાટરીયા મોબાઈલ ફોના અને કાર સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પોલીસે કાર ચાલક તથા કેરીયર મોહંમદ તૌસીફ શેખની ધરપકડ કરી હતી.

બુટલેગર કમલ બંસીલાલ તોલાણી તથા મહેન્દ્રભાઈ નામના શખ્સને વોન્ટેન્ડ જાહેર કરવામાં આવ્યો છે બન્ને આરોપીઓનો કોરોના વાયરસના તબીબી ચકાસણીનો અહેવાલ આવ્યા પછી અદાલત સમક્ષ રજુ કરવામાં આવશે.

તેમ જાણવા મળ્યું હતું. બાપોદ પોલીસ મથકો સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે બાતમી મળી હી કે વિદેશી શરાબનો જથ્થો ભરેલી કાર આજવા ચોકડીથી સર્વિસ રોડ થઈ આજવા નિમેટા રોડ તરફ રવાના થશે.

આથી પોલીસ મેનો વોચમાં ગોઠવાઈ ગયા હતા.થોડીવારમાં કાર પસાર થતા પોલીસમેનોએ આંતરી લીધા બાદ તલાશી લેવા વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. કારના ચાલક મોહંમદ તૌસીફ શેખ (રહે.સી/૧ લક્ષ્મીનગર, સયાજીપાર્ક આજવા રોડ) તથા કિશનલાલ કલાલ (રહે.બી/૨૦ લક્ષ્મીનગર સયાજીપાર્ક) મુળ (રહે. રાજસ્થાનની પુછપરછ કરવામાં આવતા વિદેશી શરાબનો જથ્થો બુટલેગર કમલ તોરાણી તથા મહેન્દ્ર નામના શખ્સનો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે કાર વિદેશી શરાબનો જથ્થો મોબાઈલ ફોન સહિત અંદાજે રૂપિયા ૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

### અજાણ્યા પુરૂષના વાલીવારસોએ કારેલીબાગ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા, તા.૧૧

જેના સરનામા સહિત વધુ વિગતો ખબર નથી તેવા અંદાજે ૫૦ વર્ષીય અજાણ્યા પુરૂષ પ્રકાશ વસાવા તા.૮ મે-૨૦૨૦ના રોજ ૧.૩૦ વાગ્યા પહેલા કિર્તી મંદિર ફુટપાથ પરથી બિમાર હાલતમાં મળી આવ્યા હતા

# લોકડાઉન વધારવાની વાત માત્ર અફવા : નાયબ મુખ્યપ્રધાન

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં કોરોનાની સ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે. કેમ કે કેસો-મૃત્યુદર ચિંતાજનક સ્તરે વધી રહયો છે. રાજયમાં કોરોનાના કેસોનો આંક એકજ દિવસમાં ૫૦૦ને પાર કરી જતા લોકોમાં ચિતાનું મોજુ ફરી વળ્યું છે. આ ઉપરાંત રાજસ્થાનમાં તો કોરોના વકરતા સરદરો ફરી સીલ કરવામાં આવ્યા છે.

રાજયસભાની ચૂંટણીને કારણે અનલોક-૧ જાહેર કરી રાજય સરકારે વધુ છુટછાટ આપી છે. ૧૯ જુન બાદ ફરી રાજયમાં લોકડાઉન લાગુ ફરી રાજયમાં લોકડાઉન લાગુ પડી શકે છે. એવી વાત વહેતી થઈ હતી. જોકે નાબયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલ આ વાતને અફવા ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, હાલમાશં લોકડાઉન લંબાવવા કોઈ વિચારણા નથી. જનજીવન રાબેતા મુજબ થાય તે માટે પ્રયાસ ચાલુ છે. તબકકાવાર છૂટછાટ આપવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ આવીજ અફવાઓએ જોર પકડયું હતું. સોશિયલ મીડિયામાં ચાલી રહેલી આ અફવાને પગલે લોકો એક બીજાને પૃચ્છા કરવી પડી રહી કે શું વાસ્તવમાં આ વાત સાચી છે. લોકડાઉનની અફવાને પગલે ખાસ કરીને વેપારીઓ ચિંતાતુર બન્યા હતા. કેમ કે, લોકડાઉન બાદ અનલોકમાં છૂટછાટ આપવામાં આવતા માંડ રાજયમાંા જનજીવન રાબેતા મુજબનું બની રહયું છે. ત્યારે ગુજરાતમાં ફરી લોકડાઉ લાગુ કરવાની અફવાએ બધાના જીવ ઉંચા કરી દીધા હતા. જોકે નાયબ મુખ્યપ્રધાનની સ્પષ્ટતાને કારણે આ અફવાનો અંત આવ્યો છે.

જોકે, થોડા દિવસ અગાઉ અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ વધતા કન્ટેઈનમેન્ટ ઝોનમાં લોકડાઉન વધારવામાં આવ્યું છે. અમદાવાદ પોલીસ કમિશ્નરનું જાહેરનામું બહાર પાડયું હતું. અમદાવાદના કન્ટેઈનમેન્ટઝોનમાં ૩૦ જુન સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે. ૩૦જૂન સુધી કન્ટેનમેન્ટ ઝોનમાં શોપિંગ મોલ, ધાર્મિસ સ્થળે દુકાનો બંધ રહેશે. જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ સિવાયની દુકાનો બંધ રહેશે. લોકડાઉન સાથે કમલ ૧૪૪૫માં લાગુ રહેશે.

### અજાણ્યા પુરૂષના વાલીવારસોએ ગોરવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા, તા.૧૧

જેના નામ-સરનામા ખબર નથી તેવા અંદાજે ૩૨ વર્ષીય અજાણ્યા પુરૂષ તા.૧૯ માર્ચના રોજ ૯ વાગ્યે પહેલા ગોત્રી જનરલ હોસ્પિટલના મેઇન ગેટની બાજુમાં મૃત્તક સ્થિતિમાં મળી આવ્યા હતા. બદનમાં કાળું પેન્ટ, પચરંગી શર્ટ પહેર્યુ છે. જમણા હાથે દિલ કોતરાવ્યું છે. મૃત્તકની લાશ એસ.એસ.જી. હોસ્પિટલના કોલ્ડરૂમ ખાતે રાખવામાં આવી છે.

### માંજલપુરના ૨૩ વર્ષીય મયુર પરમાર ગુમ થયા છે

વડોદરા, તા.૧૧

માંજલપુર વડોદરાના રહીશ એવા શાંતિલાલ પરષોત્તમદાસ પરમારના ૨૩ વર્ષીય દીકરો મયુર તા.૨૭ મેના રોજ સાંજે ૭ વાગ્યા પહેલા ઘરેથી બહાર આંટો મારવા જાઉં છું કહી નીકળ્યા અને પરત ફર્યા નથી અને તેમની શોધખોળ કરવા છતાં મળ્યા નથી. ગુમ થનાર યુવક મધ્યમ બાંધાનો અને ૫ ફુટ બે ઇંચ ઉંચાઇ ધરાવે છે. તેણે ભૂરું ટી-શર્ટ અને ભૂરું જીનસ પહેર્યુ છે. તેણે ધો.૧૦ સુધીનો અભ્યાસ કર્યો છે. તે હિન્દી, ગુજરાતી ભાષા જાણે છે. ગુમ થનારની ભાળ મળ્યે માંજલપુર પોલીસ સ્ટેશનને જાણ કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


ટુંકી મુદ્દત જાહેર નિવિદા-નં.૨/૨૦૨૦-૨૧

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.)પેટા વિભાગ,વાઘોડીયા રેલ્વે સ્ટેશન સામે (ફોન નં.૦૨૬૬૮-૨૬૨૨૯૪) દ્વારા રસ્તા મરામત હેઠળ (રોડ સેફ્ટી) W.C કેશ બેરીયર અત્રેના પેટા વિભાગ હેઠળના બે રસ્તાના પુલો ઉપર જરૂરીયાત મુજબ સાઈટ ઉપર સપ્લાય કરી, ફીટીંગ સહીત સ્પેશીફીકેશન મુજબ કામગીરી કરવાના ભાવ પત્ર રૂા.૫૦૦/- ઓફર ફોર્મની રકમ ડ્રાફટથી મેળવવાનું રહેશે. ત્યારબાદ રજી.પો.એ.ડી.થી સાંજના ૫.૦૦ કલાક સુધી મોકલવાના રહેશે. ભાવ પત્ર સાથે રૂા.૫,૦૦૦/- અકે પાંચ હજાર રૂપિયા પુરાનો અત્રેની કચેરીના નામ નામનો ડીપોઝીટ પેટે ડ્રાફટ ભાવપત્ર મોકલવાનો રહેશે.

કોરા ભાવપત્ર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ: ૧૭/૬/૨૦૨૦

ભાવપત્ર ભરી મોકલવાની અંતિમ તારીખ: ૨૪/૦૬/૨૦૨૦

નાયબ કાર્યપાલક ઈજનેર,
પંચાયત (મા.મ.)પેટા વિભાગ,
વાઘોડીયા.

(માહિતી-વડો-૧૯૭-૨૦૨૦-૨૧)



INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED

Registered Office : 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.
CIN: L25200GJ1973PLC002436
Tel. No. : +91 265 2303201 Fax No : +91 265 2303203
E mail : INSTY.secshare@ineos.com Website : www.ineosstyrolutionindia.com

NOTICE

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **June 25, 2020** to, inter alia, approve the Audited Financial Results of the Company for the fourth quarter and financial year ended on31st March, 2020.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Abhijaat Sinha**
Head - Legal & Company Secretary

**Date : June 12, 2020**
**Place : Vadodara**